ચૂંટણી ચોતરેથી

● અમિત શાહ અચાનક જ મુખ્યમંત્રી બંગલે પહોંચ્યા બાદ અક્ષરધામ મંદિરના દર્શન કર્યા હતા. ત્યારબાદ ગણતરીની મિનિટોમાં જ ભાજપની પ્રથમ યાદી જાહેર કરાઈ હતી.

● પાદરા, દસક્રોઈ, ડાંગ તથા મહુવામાં ભાજપમાંથી રાજીનામાનો પ્રવાહ શરૂ થયો.

● પાસના આગેવાનો વહેલી સવારે કોંગ્રેસ હાઈકમાન્ડ સાથે ચર્ચા કરવા દિલ્હી પહોંચ્યા.

● પાસના આઠ અગ્રણીઓને કોંગ્રેસની ટીકીટ મળવાની શક્યતા.

● ઉનામાં પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના સમર્થનમાં વિશાળ જાહેરસભા યોજાઈ.

● જેડીયુને ચૂંટણી ચિહ્ન ન ફળવાતા છોટુભાઈ વસાવા અપક્ષ ચૂંટણી લડશે.

● કેશુભાઈના પુત્ર ભરત પટેલે ચૂંટણી લડવાનો ઈન્કાર કર્યો અને પ્રચાર કરવા માટે તૈયારી દર્શાવી.

● મહુવામાં સદ્‌ભાવના મંચના કનુભાઈ કલસરિયા પાંચ હજારથી વધુ નાગરિકો સાથે પદયાત્રા કરી ઉમેદવારીપત્રક ભર્યુ હતુ. જેમાં એક હજાર મહિલાઓ પણ સામેલ હતી.

● ભાજપના મીડિયા સેન્ટર પર આજે (શુક્રવારે) મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને કેન્દ્રિય મંત્રી પીયુષ ગોયેલે પત્રકાર પરિષદ યોજી હતી.

● કોંગ્રેસ દ્વારા પણ મનિષ દોશી અને શક્તિસિંહ ગોહીલે પત્રકાર પરિષદ યોજી હતી.

● અંકલેશ્વરમાં મંત્રી ઈશ્વરસિંહ પટેલને ભાજપમાંથી પુનઃ ટીકીટ મળતા તેમના ભાઈ વલ્લભભાઈ પટેલે ભાજપમાંથી રાજીનામુ આપ્યુ.

● કોંગ્રેસના અગ્રણી વિજય કેલ્લા આજે વિધિવત ભાજપમાં જોડાયા.

કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદીને લઈને કશમકશ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી-૨૦૧૭ને લઈ સમગ્ર રાજયમાં ઈલેકશનનો ટેમ્પો જામી રહ્યો છે ત્યારે ભાજપે પોતાના ૭૦ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દીધી હતી. તો બીજીબાજુ, કોંગ્રેસમાં ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવાના મામલે હજુ મથામણ ચાલી રહી છે. આજે મોડી સાંજે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી, એહમદ પટેલ સહિતના દિગ્ગજોની હાજરીમાં કોંગ્રેસની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક મળી હતી, જેમાં ગુજરાત કોંગ્રેસના પ્રભારી અશોક ગેહલોત, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના સ્થાનિક આગેવાનો મત-અભિપ્રાય જાણી ઉમેદવારોના નામો ફાઈનલ કરી પ્રથમ યાદી તૈયાર કરવાની કવાયત હાથ ધરાઈ હતી. મોડી સાંજ સુધી કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદીને લઈ ઉત્તેજનાભર્યા માહોલમાં કશમકશ ચાલી હતી. કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક બાદ કોંગ્રેસના ઉમેદવારોની પ્રથમ યાદી આજે મોડી રાત્રે અથવા તો આવતીકાલે જાહેર કરાય તેવી શકયતા સેવાઈ રહી છે. ભાજપની ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર થઈ જતાં હવે કોંગ્રેસની છાવણીમાં ભારે

ઈન્તેજાર વચ્ચે ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસ પક્ષ દ્વારા ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવાને લઈ ભારે મથામણ ચાલી રહી છે. છેલ્લા ઘણા સમયથી દિલ્હીમાં સ્ક્રીનીંગ કમીટી અને હાઈકમાન્ડની બેઠકોના દોર ચાલી રહ્યા છે અને ગુજરાત કોંગ્રેસના નેતાઓની મુલાકાતના દોર પણ ત્યાં વધી રહ્યા છે પરંતુ હજુ સુધી ઉમેદવારોની પ્રથમ યાદીને લઈ સ્થિતિ સ્પષ્ટ થઈ રહી નથી. આ વખતે કોંગ્રેસ માટે ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરને કોંગ્રેસમાં સમાવાતા ઠાકોર સમાજને પ્રાધાન્યતા, હાર્દિક પટેલ આણિમંડળીને રાજી રાખવા પાસના નેતાઓને કેટલી ટિકિટ આપવી, આ સિવાય દલિત સમાજને ખુશ રાખવા દલિતોને મહત્વની સાથે સાથે લઘુમતી સમાજ તેમ જ મહિલાઓને પ્રાધાન્યતા સહિતના મામલે કોંગ્રેસમાં ભારે મતભેદ અને મનભેદ સામે આવી રહ્યા છે. બેઠકોની વહેંચણી પક્ષ માટે માથાના દુખાવા સમાન બન્યું છે. જૂના વફાદાર ઉમેદવારોને હાંસિયામાં ધકેલી રાજકારણના સર્જાયેલા નવા સમીકરણોના આધારે હવે નવા આગંતુકોને પણ તક આપવાની પક્ષને ફરજ પડે તેમ છે અને તેના લીધે વર્ષો જૂના વફાદારો અથવા સંનિષ્ઠ માણસોની નારાજગી વ્હોરવાનો વારો આવે તેવી સ્થિતિ સર્જાઈ છે ત્યારે કોંગ્રેસ પક્ષમાં ઉમેદવારોની પ્રથમ યાદીની કવાયત બહુ સાવચેતી અને સાવધાની સાથે હાથ ધરાઈ હતી. ભાજપે આજે બપોરે પોતાની યાદી જાહેર કરી દેતાં કોંગ્રેસની સાંજની સીઈસીની બેઠકમાં છેલ્લી ઘડીયે કેટલાક ઉમેદવારોના નામોમાં ફેરફાર પણ કરવામાં આવ્યો હતો. કારણ કે, ભાજપના જે ઉમેદવારો જે બેઠકો પર જાહેર કરાયા તેમાં કેટલીક બેઠકો પર કોંગ્રેસના કયા મજબૂત ઉમેદવાર ઉતારી શકાય અને જીતી શકાય તે પાસાને ધ્યાનમાં લઈ આ ફેરફાર કરાયો હતો. મોડી સાંજ સુધી ઉમેદવારોના નામો ફાઈનલ કરવાની કવાયત હાથ ધરાઈ હતી.

રાહુલ ગાંધી રાજ્યમાં આવી પાયાવિહોણી વાતો કર છે : વિજય રૂપાણી

અમદાવાદ, તા. ૧૭

શુક્રવારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પત્રકાર પરિષદનુંસંબોધન કર્યું હતું. રાજ્યમાં રાહુલ ગાંધીની વારંવારની મુલાકાતો દરમિયાન તેમણે રાજ્યના વિકાસ મોંઘુ ભણતર, મોંઘી આરોગ્ય સેવાઓ વગેરે જેવા મુદ્દે પીએમ મોદી અને રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ મામલે તથ્યો વર્ણવતા મીએમ રૂપાણીએ કહ્યું કે, આ બધા મુદ્દાઓમાંથી જો એક પણ મુદ્દો સાચો હોય, તો રાહુલ ગાંધી મને મળે. એક મોટા પક્ષના નેતા તરીકે તેઓ જે આંકડાઓ રજૂ કરે, એનો આધાર હોવો જોઈએ. આજે હું તેમને પડકાર ફેંકવા આવ્યો છું, તેમણે રજૂ કરેલ આકંડાઓ ખોટા છે. રાહુલ ગાંધી ગપ્પા મારે છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, રાજ્યમાં ૧૩ હજાર સરકારી શાળાઓ બંધ થઈ ગઈ છે. પ્રાઈવેટ શાળાઓ અને શિક્ષણનું

વ્યાપારીકરણ થયું છે એમ તે કહે છે. આ આંકડાઓ એ ક્યાંથી લાવ્યા એ ખબર નથી પડતી. ૨૦૦૦ સુધી રાજ્યમાં પ્રાથમિક અને હાયર સેકન્ડરી શાળાઓનો આંકડો ૪૦ હજારની આસપાસ હતો. એમાંથી શાળાઓ બંધ થઈ હોય તો આ આંકડો ઘટવો જોઈએ, એની જગ્યાએ આજે કુલ શાળાઓની સંખ્યા છે ૫૮,૩૫૨. એનો અર્થ થાય ૧૭ હજાર શાળાઓ વધી છે.

રાહુલ ગાંધી સાવ જૂઠું બોલે છે અને કોઈ આધાર વગર વાતો કરે છે. મારી તમને વિનંતી છે કે, કોઈક દિવસ એમને પૂછો તો ખરા કે આ બધું ક્યાંથી બોલે છે, કોણ માહિતી લાવે છે અને કોણ સ્ક્રિપ્ટ લખે છે. વિધવા પેન્શનો આકંડો રાહુલ ગાંધીએ આપ્યો ૪૫૦ રૂપિયા, આપણે ૧૦૦૦ રૂ. આપીએ છીએ. નર્મદા માટે તેમણે કહ્યું કે, આ પાણી ઉદ્યોગપતિઓને અપાય છે. હકીકતમાં નર્મદાનું ૭૮ ટકા પાણી ૯૫૦૦ ગામડા, ૧૬૭ શહેરો સુધી પહોંચે છે. ૨૦ ટકા પાણી ઈરિગેશનમાં જાય છે અને ૨ ટકા ઉદ્યોગોને જાય છે. ભાજપ સરકાર પહેલેથી પ્રથમ પ્રાથમિકતા પીવાના પાણીને, બીજી સિંચાઈ અને ત્રીજી ઉદ્યોગોને આપે છે.

પીએમ મોદી અંગે વાત કરતા તેમણે કહ્યું કે, મૂડીએ નરેન્દ્રભાઈનું રેટિંગ વધાર્યું છે, તેમની લોકપ્રિયતા અકબંધ છે અને તેમાં વધારો નોંધાયો છે. નરેન્દ્ર મોદીના તમામ પગલાઓને દેશની જનતાનું સમર્થન મળ્યું છે. ગઈકાલના પિંચના રિપોર્ટ પરથી એ વાત સાબિત થઈ છે. ૮ નવેમ્બરે નોટબંધી જાહેર થઈ, ૧૦ ડિસેમ્બરે રાજ્યમાં ગ્રામ પંચાયતની ચૂંટણી થઈ. ૮૦ ટકા મત ભાજપને મળ્યા હતા. ત્યાર પછી ૫ રાજ્યોમાં ચૂંટણી થઈ અને એના પરિણામો પછી કઈ કહેવાનું બચતું નથી. કાણા નાણાં સામે કોંગ્રેસે ક્યારેય કોઈ પગલા લીધા નથી. કોંગ્રેસના નિવેદનો કાળા નાણાંનો બચાવ કરતા હોય એવા છે. એવું જ જીએસટીમાં પણ છે.

કોંગ્રેસ-પાસ વચ્ચે અનામતના મુદ્દે દિલ્હીમાં મહત્વપૂર્ણ બેઠક

કોંગ્રેસ અને પાસ હજુ સુધી પાટીદાર ઓબીસી અનામત અંગે કોઈ નિર્ણય પર આવી શકયા નથી. પૂર્વ યુપીએ સરકારના કાયદા પ્રધાન અને સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી કપિલ સિબ્બલ વચ્ચેની છેલ્લી બેઠકમાં પણ કોંગ્રેસ અને પાસ વચ્ચે આંટી પડી હતી. હવે આજે બપોરે દિલ્હીમાં કોંગ્રેસ અને પાસ વચ્ચે પાટીદાર અનામત અંગે વધુ એક બેઠક

યોજાઈ રહી છે. કોંગ્રેસ અને પાસ વચ્ચે આજે બપોરે દિલ્હીમાં યોજાનારી બેઠકમાં આ ત્રણ ફોર્મ્યુલા પૈકી એક ફોર્મ્યુલા પર નિર્ણય લેવાશે તેમ જણાવતાં પાસની કોર કમિટીના સભ્ય લલિત વસોયા વધુમાં કહે છે, આ માટે કોંગ્રેસ હાઈકમાન્ડ સાથે આજે બપોરે ૧૨-૦૦ વાગ્યે બેઠક યોજાશે.

દરમિયાન આજે સવારની ૭-૦૦ વાગ્યાની દિલ્હી જવાની ફલાઈટ પકડીને પાસના ચાર અગ્રણીઓ દિનેશ બાંભણિયા, લલિત વસોયા, મનોજ પનારા અને ડો.કિરીટ પટેલ દિલ્હી પહોંચ્યા છે.

ગુજરાતમાં સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી પણ ઝંપલાવશે

વિધાનસભાની ચૂંટણીમાં માયાવતીનો પક્ષ બહુજન સમાજવાદી પક્ષ દરેક બેઠક પર એકલા હાથે ચૂંટણી લડે તેવી શક્યતા છે. બસપાના મહાસચિવ સતીશચંદ્ર મિશ્રાએ ગુજરાત ચૂંટણીની તૈયારીઓ અંગે જણાવ્યું હતું કે ગુજરાતમાં ચૂંટણી પ્રચારની શરૂઆત થઈ ચુકી છે. જેમાં ભાજપ સરકારની દલિત વિરોધી નીતિ અમારો મુખ્ય મુદ્દો રહેશે. ઉના દલિત કાંડને આજે એક વર્ષથી પણ વધારે

સમય વીતી ચુક્યો છે.

વિચારધારા વાળા પક્ષ સાથે વાતચીત કરી છે કે નહી તે મુદ્દે તેમણે જણાવ્યું કે બસપા એકલા હાથે ચુંટણી લડશે. અમે ના તો કોઈ પક્ષ સાથે વાતચીત કરી છે કે ના તો કોઈ પક્ષ તરફથી પ્રસ્તાવ આવ્યો છે. પાર્ટીના સુત્રોના જણાવ્યા અનુસાર ચૂંટણી પ્રચાર દરમિયાન માયાવતી પણ ગુજરાતમાં લોકોને સંબોધિત કરશે. બસપાના ઉમેદવાર પસંદગીના મુદ્દે હાલ પ્રકિયા ચાલુ હોવાનું જણાવવામાં આવ્યું છે. તેમજ સમયસર ઉમેદવારો જાહેર કરવામાં આવશે તેમ જણાવ્યું છે. તો બીજી તરફ સમાજવાદી પાર્ટી પણ ગુજરાતની ચૂંટણીમાં ઝંપલાવી રહી છે. ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીની ૫ બેઠકો પર લડશે અને કોંગ્રેસ સાથે ગઠબંધન માટે કોંગ્રેસના જવાબની રાહ છે. સમાજવાદી પાર્ટીના ગુજરાત અધ્યક્ષ સુરેન્દ્ર યાદવના કહેવા મુજબ સમાજવાદી પાર્ટીના ઉમેદવાર તરીકે પારડી (અમદાવાદ) બેઠક પર મહેન્દ્ર યાદવ, કચ્છના માંડવીમા શૈલેષ ભવાનીશંકર જોષી, રાજકોટની ધોરાજી બેઠક પર જેલભાઈ ફોગલભાઈ ડેર, જામનગરના જામજોધપુર બેઠક પર મોહનભાઈ હીરજીભાઈ રાબડીયા અને સોમનાથથી જગમાલ જાદવ ચૂંટણી લડશે.

ગુજરાતના બાળકોના આરોગ્ય સાથે ચેડા નહિ ચલાવાય : શક્તિસિંહ

અમદાવાદ, તા. ૧૭

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે, ત્યારે રાજકીય પક્ષો વચ્ચે આરોપ-પ્રત્યારોપની હારમાળા શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા શક્તિસિંહ ગોહિલે શુક્રવારે બપોરે પત્રકાર પરિષદનુંસોબંધન કર્યુંહતું. આ પત્રકાર પરિષદમાં તેમણે રાજ્યમાં પોલિયો વેક્સિનેશનમાં થતા ગોટાળા અંગે ધ્યાન દોર્યુંહતું. તેમણે કહ્યુંહતું કે, પોલિયો એક એવી બીમારી છે, જેની કોઈ દવા નથી. ગુજરાત પોલિયોમુક્ત થાય એ માટે કોંગ્રેસ દ્વારા મહેનતથી અભિયાન ચલવાવમાં આવ્યુંહતુંઅને આજેએદિશામાંઆપણેઆગળ વધ્યા છીએ. પોલિયો ન થાય એ માટેની રસી કે વેક્સિન ઈનજેક્ટેબલ હોય છે. તેને રાખવા માટેતાપમાન જાળવી રાખવાની જરૂર પડે છે. જો તાપમાન ન જળવાય તો ધીરે-ધીરે તે અનયૂઝેબલ થઈ જાય છે, જે તમેશીશી પરની નિશાનથી જાણી શકોછો.

મોરબીના જિલ્લા આરોગ્ય અધિકારીએ ગાંધીનગરના મુખ્ય આરોગ્ય અધિકારીને પત્ર લખ્યો હતો, ૬-૧૦-૨૦૧૭ના રોજ લખાયેલ આ

પત્ર મુજબ પોલિયો વેક્સિનનું વીવીએમ સ્ટેટસ દર્શાવે છે કે, વેક્સિન લાભાર્થી સુધી પહોંચે એ પહેલાં એક્સપાયર થવાની સંભાવના છે. આવો જ એક પત્ર કચ્છના જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા પણ લખવામાં આવ્યો છે. જો વીવીએમ સ્ટેટસ એક્સપાયર થાય તો વેક્સિનનો નાશ કરવો પડે અને તેના બગાડનુંપ્રમાણ વધે. મુખ્યમંત્રી જ્યાંથી પ્રતિનિધિત્વ કરે છે, ત્યાં મુખ્ય કાર્યાલય આવેલું છે, જે હેઠળ અનેક જિલ્લા અને ગામડાઓ આવેલા છે. તેના અધિકારી દ્વારા પણ બે મહિનાની અંદર બે પત્ર લખવામાં આવ્યા હતા.

પાસ દ્વારા કોંગ્રેસ પાસે દસ ટિકિટોની કરાયેલી માંગણી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ટિકિટ ફાળવણી અને ઉમેદવારો જાહેર કરવાના તબક્કે પાસના દસ આગેવાનો દ્વારા કોંગ્રેસ પાસે દસ જેટલી ટિકિટની માંગણી કરાઈ હોવાની ચર્ચાએ ભારે જોર પકડયું છે, જેને લઈ વિધાનસભા ચૂંટણીનું રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની ગુજરાત મુલાકાત દરમ્યાન પાટીદાર વિસ્તારો ખાસ કરીને પાટીદારોના ગઢ મનાતા વિસ્તારોમાં મુલાકાત વખતે પાટીદારો તરફથી સારો એવો પ્રતિસાદ આપી રેલી અને જાહેરસભાઓને સફળ બનાવાઈ હતી, બીજીબાજુ, હાર્દિક પટેલ અને તેના સાથીઓ સાથે કોંગ્રેસ અનામત મુદ્દે બેઠક યોજી વિકલ્પો સૂચવ્યા છે ત્યારે પાસ પણ અંદરખાને હવે પંજાના પ્રતીક પર ચૂંટણીજંગમાં ઝંપલાવવા માંગે છે. પાસના અગ્રણી નીલેશ એરવડિયા એક સમયે મોરબી બેઠક માટે ટિકિટવાંચ્છુ હતા પરંતુ તેમના પત્ની કોંગ્રેસ શાસિત જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરપર્સન હોઈ તેમની જગ્યાએ મનોજ પનારાને ટિકિટ ફાળવાય તેવી શકયતા છે. તો બીજીબાજુ, અમદાવાદ શહેરની વટવા બેઠક માટે નચિકેત મુખી, નિકોલ બેઠક માટે ગીતાબહેને પટેલ, અમરાઈવાડી બેઠક માટે જયેશ પટેલના નામને પાસએ લીલીઝંડી આપી છે. ગુજરાતની અન્ય કેટલીક બેઠકો પર પાસ દ્વારા ટિકિટની માંગણી કરાઈ છે. ઉત્તર ગુજરાતની પાટણ બેઠક પરથી પાસ ડો.કિરીટ પટેલના નામને લઈ ટિકિટવાંચ્છુ છે. આ સિવાય બોટાદ બેઠક પર દિલીપ સાબવાન, લલિત વસોયા ઉપલેટા, ગોંડલમાંથી મહેશ ખૂંટના નામોની પણ ચર્ચા ચાલી રહી છે.

દાંતા મુકામે પ્રિસાઈડીંગ ઓફીસર અને પોલીંગ સ્ટાફની તાલીમ યોજાઈ

પાલનપુર, તા. ૧૭

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે ચૂંટણી તટસ્થ, નિર્ભય, નિષ્પક્ષ અને મુકત માહોલમાં યોજાય તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર.જે. માકડીયાની સુચના અને માર્ગદર્શન અનુસાર જિલ્લાભરમાં ચૂંટણીલક્ષી વ્યાપક તૈયારીઓ કરવામાં આવી છે.

કોંગ્રેસ ચૂંટણી જીતે તો- નારો હશે ચલો દિલ્હી; ભાજપ જીતશે તો- 'કોંગ્રેસ મુક્ત' ભારત નક્કી

નરેન્દ્ર મોદી અને અમિત શાહ સામે માત્ર રાહુલ છે, સોનિયા પિક્ચરમાં નથી

ભારતમાં ટૂંકાગાળામાં બે રાજ્યોની ચૂંટણી છે જેમાં એક હિમાચલ પ્રદેશ છે અને બીજું ગુજરાત છે. હિમાચલની ચૂંટણીમાં કોઈને રસ નથી પરંતુ ગુજરાતની ચૂંટણીમાં આખા દેશને રસ છે, કારણ કે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું હોમસ્ટેટ છે. કોંગ્રેસના લિડર્સ જેટલા હિમાચલમાં ગયા નથી તેનાથી વધુ ગુજરાત ખૂંદી રહ્યાં છે. ગુજરાતનાં પરિણામોની દૂરોગામી સંભાવનાઓને જાણી કોંગ્રેસ પક્ષે હિમાચલપ્રદેશને મુખ્યમંત્રી વીરભદ્રસિંહના ભરોસે સોંપી ગુજરાતમાં જાનની બાજી લગાવી દીધી છે. ભાજપ માટે પણ ગુજરાતની ચૂંટણી મરણિયો જંગ છે, કારણ કે આ ચૂંટણીના પરિણામના આધારે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીનો પાયો નાખવાનો છે.

ગુજરાતની ચૂંટણીનું જે સર્વાંગી ચિત્ર ઉપસી રહ્યું છે તેમાં આ ચૂંટણી પરિણામોની અસર ભાજપ અને કોંગ્રેસના ભાવિ રાજકારણ પર તો પડવાની જ છે, પરંતુ વધારામાં રાહુલ ગાંધી, નરેન્દ્ર મોદી અને અમિત શાહના ભાવિ રાજકારણ પર પણ પડવાની છે. ૧૮ ડિસેમ્બરે ગુજરાત અને હિમાચલ પ્રદેશ બન્ને રાજ્યોમાં ભાજપનો ડંકો વાગશે તો આ બન્ને રાજપુરુષોની જોડી અજય અને અપરાજિત માનવી પડશે અને ઉત્તરપ્રદેશની વિધાનસભાના પરિણામો પછી બિહારના મુખ્યમંત્રી નીતિશકુમારે જેમ કહ્યુંહતુ કે ૨૦૧૯ની ચૂંટણીમાં વિપક્ષોને નરેન્દ્ર મોદીનો કોઈ વિકલ્પ જડશે નહીં તેનો સર્વ સ્વીકાર થવા લાગશે.

ગુજરાતનાં ચૂંટણી પરિણામો રાજકીય પરિભાષામાં, ગેમ ચેન્જર બની રહેશે તે તો નિર્વિવાદ છે, પરંતુ બાજી પલટાવનારાં આ પરિણામો કોની તરફેણમાં આવશે એ સૌથી રસપ્રદ છે. આ પરિણામો જે કંઈ આવશે, પણ તે કેવળ ગુજરાત પૂરતાં સીમિત રહેવાનાં નથી. ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીઓ અને આવતે વર્ષે થનારી કર્ણાટક, મધ્યપ્રદેશ અને રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીઓ પર તેની સીધી અસર કોઈ રોકી શકવાનું નથી. ગુજરાત માટે કોંગ્રેસ હિમાચલ પ્રદેશ પણ ખોવા તૈયાર છે.

રાહુલ ગાંધીના ગુજરાતના ઉપરાછાપરી પ્રવાસો અને પાટીદાર આંદોલનના નેતા હાર્દિક પટેલ કે ઓબીસીના નેતા અલ્પેશ ઠાકોર અને દલિત આગેવાન જિગ્નેશ મેવાણી જેવા જ્ઞાતિ-જાતિવાદી નેતાઓએ ઊભા કરેલા ધ્રુમ્રપટને કારણે ૨૨ વર્ષોનો રાજકીય વનવાસ કોંગ્રેસને પૂરો થતો દેખાવા લાગ્યો છે, તો સામે ભાજપનો વિજયરથ ગુજરાતમાં અટકી પડે તો આવતે વર્ષે થનારી રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીઓમાં ભાજપને માટે આકરાં ચડાણો તો સાબિત થવા લાગે, પરંતુ વધારામાં ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીઓ પણ મુશ્કેલ બની રહે.

આ વર્ષના આરંભમાં પંજાબની ચૂંટણી કોંગ્રેસ જીતી હોવા છતાં તે ગેમ ચેન્જર બની શકી ન હતી. આનું કારણ એ છે કે સૌ પ્રથમ તો પંજાબમાં નરેન્દ્ર મોદી અને ભાજપનો પરાજય ન હતો, પરંતુ એક દાયકાથી શાસન કરતા અકાલીદળનો પરાજય હતો અને અહીં ભાજપ માત્ર જુનિયર ભાગીદાર હતો. આ ઉપરાંત પંજાબમાં કોંગ્રેસનો વિજય થયો હોવા છતાં આ સાથે થયેલી ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં પંજાની પાંચેય આંગળીઓ કપાઈ ગઈ હતી અને નવી વિધાનસભામાં તેને માત્ર સાત જ બેઠક મળી. વધારામાં ગોવા, મણિપુર અને અરુણાચલમાં ત્રિશંકુ પરિણામો વચ્ચે ભાજપે સત્તા કબજે કરી લેતાં પંજાબનો વિજય તેને માટે સાવ ઝાંખો થઈ ગયો હતો.

આ સાથે ગુજરાતમાં કોંગ્રેસનો વિજય થાય તો પણ તેનો ભવિષ્યનો રાજકીય ઉદય નિશ્ચિત બની રહેશે તેવું પણ સ્વીકારી શકાય તેમ નથી. ખાસ કરીને ૧૮મી ડિસેમ્બર જ્યારે પરિણામો આવશે ત્યારે સાથે હિમાચલ પ્રદેશનાં પરિણામો પણ બહાર પડશે અને અહીં કોંગ્રેસની સત્તાવાપસી લગભગ નહીંવત જ છે. આથી ગુજરાતમાં વિજય અને હિમાચલ પ્રદેશનો પરાજય એકબીજાના છેદ સંપૂર્ણપણે તો નહીં ઊડાવી મૂકે તો પણ કોંગ્રેસનો ઉત્સાહ તો સારા પ્રમાણમાં વધારી દેશે. પરંતુ આ સંભાવનાઓ સામે કોંગ્રેસનો વનવાસ વધારે પાંચ વર્ષ માટે લંબાય તેવી ભૂમિગત વાસ્તવિકતાઓ વચ્ચે ગુજરાત અને હિમાચલ બન્ને રાજ્યોમાં કોંગ્રેસનો પરાજય થશે તો કોંગ્રેસમુક્ત ભારતનું ભાજપનું સૂત્ર વધારે માન્યતા પ્રાપ્ત કરવા લાગશે અને આવતા વર્ષે થનારી રાજ્યોની ચૂંટણીઓમાં કેસરિયા ધ્વજને વધારે લોકસમર્થન પ્રાપ્ત થવા લાગશે..

વધારામાં કોંગ્રેસ પક્ષના અધ્યક્ષ તરીકે રાહુલ ગાંધીની તાજપોશીની તૈયારીઓ થઈ ચૂકી છે ત્યારે પરાજય સાથે અધ્યક્ષપદનો આરંભ થતાં કોંગ્રેસ પક્ષને બેઠો કરવાની કવાયત વધારે મુશ્કેલ બની રહેવાની છે. કોંગ્રેસ માટે ગાંધી-નહેરુના વારસાગત નેતૃત્વમાંથી મુક્ત થવું સહેલું નથી અને પક્ષનો એક મોટો વર્ગ આ પરિવારિક નેતૃત્વને અનિવાર્ય પણ માને છે તેમ છતાં પરાજયના વણથંભ્યા સિલસિલાને રોકવા માટે નહેરુ-ગાંધી પરિવારના પારિવારિક નેતૃત્વની સામે અવાજ ઊઠવા લાગે તો પણ નવાઈ નહીં. ખાસ કરીને ૨૦૧૪ પછી એવું બનતું ચાલ્યું છે કે જે વિસ્તારોમાં રાહુલ ગાંધી ચૂંટણીપ્રચાર કરતા હતા તે વિસ્તારોમાં કોંગ્રેસનો મહદ્‌અંશે પરાજય જ થતો રહ્યો છે. હવે ગુજરાતમાં તો સોનિયા ગાંધી ચૂંટણીથી સાવ અલિપ્ત જ રહ્યાં છે અને એકમાત્ર રાહુલ જ સર્વમાન્ય નેતા તરીકે ચૂંટણીની જવાબદારી અદા કરતા રહ્યા છે ત્યારે પરાજયની જવાબદારી પણ તેમના એકલાના માથે આવે તે સ્વાભાવિક છે.

કોઈપણ ભોગે ગુજરાત જીતવા માટે કોંગ્રેસ હિમાચલ પ્રદેશ ખોવા તૈયાર છે : ૨૦૧૯ની લોકસભા ચૂંટણીનો આ લિટમસ ટેસ્ટ છે, બીજા રાજ્યોમાં પણ ચૂંટણી છે...